# આજે ભારતબંધનું એલાન

નવી દિલ્હી,તા. ૧૯

ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવ વધારો, સબ્સિડી વાળા એલપીજીની સંખ્યા મર્યાદીત કરવા અને મલ્ટિબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનાં કેન્દ્ર સરકારનાં નિર્ણયને લઈને દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આવા સમયમાં આવતીકાલે એનડીએ અને અન્ય કેટલાક બિન યુપીએ પક્ષો દ્વારા ભારત બંધની હાકલ કરવામાં આવી છે. ભારત બંધને જોરદાર પ્રતિસાદ મળે તેવી શક્યતા છે. કારણ કે ભાવવધારાનો લઈનો દેશનાં મોટાભાગનાં લોકો નારાજ દેખાઈ રહ્યા છે. સાથે રાજકીય પક્ષો પણ યુપીએ સરકાર ઉપર દબાણ લાવી રહ્યા છે. માત્ર ભાજપ અને એનડીએનાં સાથી પક્ષો જ નહીં બલ્કે યુપીએનાં કેટલાક પક્ષો પણ નારાજ છે. યુપીએને ટેકો આપનાર સમાજવાદી પાર્ટી અને ડીએમકે દ્વારા પણ બંધને ટેકો આપવામાં આવેલો છે અને બંધમાં ભાગ લેવાની જાહેરાત કરી છે. ડીએમકે દ્વારા પણ બંધમાં ટેકો આપવાની જાહેરાત કરતા સરકારની મુશ્કેલી વધી ગઈ છે. આજે ટુંકા નિવેદનમાં ડીએમકેનાં વડા કરૂણાનિધીએ બંધમાં સામેલ થવાની જાહેરાત કરી હતી. સમાજવાદી પાર્ટી સરકારને બહારથી ટેકો આપી રહી છે. અહેવાલ મુજબ ભારત બંધથી મુંબઈનાં લોકોને અસર થશે નહીં. કારણ કે જાહેર પરિવહન, મોલ અને સુપર માર્કેટ ખુલ્લા રહેશે. અન્ય સેવાઓ પણ ચાલુ રહેશે. શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેવાએ બંધથી દુર રહેવાનો નિર્ણય કર્યો છે. ભાજપે મજબુત રીતે બંધ પાળવાનો નિર્ણય કર્યો છે. ફેડરેશન ઓફ એસોસિએશન ઓફ મહારાષ્ટ્રની નવી મુંબઈમાં બેઠક મળી હતી. જેમાં બંધને ટેકાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં પણ શાસક ભાજપ બંધને મજબુત ટેકો આપવાની જાહેરાત કરી છે. ભાજપ ઉપરાંત એનડીએનાં સાથી પક્ષો ભાવ વધારાને લઈને આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. બંધ દરમિયાન જનજીવનને માઠી અસર થવાની શક્યતા દેખાઈ રહી છે. ભાજપ અને મોટાભાગનાં એનડીએનાં સાથી પક્ષો લડાયક મુડમાં દેખાઈ રહ્યા છે. સજ્જડ બંધ પાળવાનો નિર્ણય લેવાયો છે. બંધને ટેકો આપવા ભાજપ પ્રમુખ નિતિન ગડકરી અને એનડીએનાં કન્વિનર શરદ યાદવે વેપારીઓને અપિલ કરી છે. જો કે શિવસેના આમાં ભાગ લેનાર નથી. ભાજપ શાસિત રાજ્યોમાં બંધને મજબુત પ્રતિશાદ મળશે. એનડીએ ઉપરાંત ડાબેરી પક્ષોએ પણ આવતીકાલે સામાન્ય હડતાળની હાકલ કરી છે. કેન્દ્ર સરકારના બે પાંખીય ભાવ વધારાનાં નિર્ણયને લઈને ભારે નારાજગી દેખાઈ રહી છે. ડાબેરીઓ પણ જુદા જુદા કાર્યક્રમો આપવા માટે તૈયારી કરી ચુક્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ગુજરાત ભાજપે કેન્દ્રની કોંગ્રેસ સરકારે કરેલા ડિઝલ અને રાંધણગેસના ભાવવધારાના વિરોધમાં તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ ભારત બંધનાં એલાનને ટેકો આપવાની જાહેરાત કરી છે. જેથી મજબુત રીતે બંધ પાળવામાં આવશે. ગઈકાલે જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુએ જણાવ્યું હતું કે કેન્દ્રમાં બેઠેલી કોંગ્રેસ સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે અને ભ્રષ્ટાચારી કાર્યપદ્ધતિના કારણે કેન્દ્રના કોંગ્રેસના શાસનથી સમગ્ર દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. વડાપ્રધાન ડો. મનમોહનસિંહે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડીશું. અમને સત્તા આપોના નારા સાથે સત્તા પ્રાપ્ત કરીને સત્તાનો દુરુપયોગ દ્વારા સમગ્ર દેશને કારમી મોંઘવારીના ખપ્પરમાં ધકેલી દીધી છે. હજારો દિવસો થયા, મોંઘવારી ક્યાંય ઘટતી નથી અને કેન્દ્રની કોંગ્રેસ સરકારના ભ્રષ્ટાચારો દિવસેને દિવસે લાખો-કરોડો રૂપિયાના જાહેર થઈ રહ્યા છે. બંધમાં અન્ય વેપારી સંગઠનો પણ જોડાય તેવી શક્યતા છે.

### બંધની સાથે સાથે..........

- ડીઝલની કિંમતમાં ભાવ વધારા સહિતનાં અનેક કઠોર નિર્ણયો સામે આજે ભારત બંધની જાહેરાત
- એનડીએનાં સાથી પક્ષો અને ભાજપ બંધને સફળ બનાવવા મેદાનમાં
- વેપારીઓ અને કારોબારીઓ બંધમાં જોડાશે
- મહારાષ્ટ્રમાં જનજીવનને કોઈ અસર નહીં થાય તેવી શક્યતા
- શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ભારત બંધમાં સામેલ થનાર નથી
- યુપીએની નીતિઓથી સાથી પક્ષો પણ ભારે નારાજ
- ડીએમકે દ્વારા પણ ભારત બંધમાં સામેલ થવાનો નિર્ણય
- સમાજવાદી પાર્ટી પણ બંધમાં સામેલ થશે
- ભાજપ શાસિત રાજ્યોમાં બંધની મજબુત અસર જોવા મળે તેવી શક્યતા
- કોંગ્રેસ શાસિત રાજ્યોમાં બંધમાં નબળો પ્રતિસાદ મળી શકે
- ભાજપનાં કાર્યકરો દ્વારા વેપારીઓને બંધમાં સામેલ થવા અપિલ
- સ્કુલ કોલેજો, દુકાનોને ભાજપ શાસિત રાજ્યોમાં બંધ કરાવાય તેવી વકી
- જનજીવનને માઠી અસર થઈ શકે

# કોંગી શાસિત રાજયોમાં એલપીજી પર મર્યાદા ૬થી વધારી નવ કરાઈ

નવીદિલ્હી, તા.૧૯

સબસીડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યાનો લઈને દેશભરમાં થઈ રહેલા વિરોધ વચ્ચે કોંગ્રેસે આજે મહત્વપુર્ણ નિર્ણય કર્યો હતો જેના ભાગરૂપે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં એક પરિવારને સબસીડી વાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા છથી વધારીને નવ કરી દેવાનો નિર્ણય કરાયો છે. હવે કોંગ્રેસ શાસિત તમામ રાજ્યોમાં સબસીડીવાળા નવ સિલિન્ડરો મળશે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જ વર્ષમાં સબસીડીવાળા છ સિલિન્ડરો આપવાનો નિર્ણય કરતા ભારે હોબાળો થઈ ગયો હતો. હવે કોંગ્રેસ શાસિત રાજ્યોએ વલણ હળવું કર્યું છે. જેથી કોંગ્રેસ શાસિત રાજ્યોએ સબસીડી વાળા નવ સિલિન્ડર આપવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસનાં મહાસચિવ જનાર્દન દ્વિવેદીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પક્ષ શાસિત તમામ રાજ્યોનાં મુખ્યમંત્રીઓને સબસીડી વાળા એલપીજી સિલિન્ડરો છનાં બદલે નવ આપવાનો આદેશ કર્યો છે. કેન્દ્ર સરકારે થોડાક દિવસ પહેલા જ વર્ષમાં સબસીડી વાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા મર્યાદીત કરીને છ કરવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસ શાસિત રાજ્યોમાં હવે આમાં ત્રણ વધુ સિલિન્ડરો સામેલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સબસીડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા છ સુધી મર્યાદીત કરવાની સાથે સાથે ડિઝલની કિંમતમાં પ્રતિલિટર પાંચ રૂપિયાનો વધારો કરવા અને રિટેલ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણને પણ મંજુરી આપી હતી. જેથી દેશભરમાં ભારે



હોબાળો મચી ગયો હતો. આ નિર્ણયને લઈને યુપીએ સરકારનાં બીજા સૌથી મોટા પક્ષ તૃણમુલ કોંગ્રેસે ગઈકાલે જ ટેકો પાછો ખેંચી લેવાની જાહેરાત કરી દીધી હતી. બીજીબાજુ વિરોધ પક્ષોએ બંધની પણ હાકલ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી સરકારે પહેલાથી જ આર્થિક રીતે નબળા વર્ગો સાથે સંકળાયેલા પરિવારોને વધુ સિલિન્ડરો આપવાની જાહેરાત કરી દીધી છે. દિલ્હી સરકારનાં નિર્ણય બાદથી જ એવી હિલચાલ ચાલી રહી હતી કે કોંગ્રેસનાં અન્યો રાજ્યો પણ આ દિશામાં આગળ વધીને નિર્ણય કરશે. આખરે કોંગ્રેસ શાસિત તમામ રાજ્યોએ એલપીજી સિલિન્ડર પર મર્યાદા છથી વધારીને નવ કરી છે. જેથી તમામ પરિવારોને આંશિક રીતે રાહત થશે. કોંગ્રેસનાં પ્રવક્તા તરફથી આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. એક દિવસ પહેલા જ કેન્દ્રીય ખાદ્ય પ્રધાન કેવી થોમસે વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને કહ્યું હતું કે સબસીડી વલણ એલપીજી સિલિન્ડરોની સંખ્યા મર્યાદીત કરીને છ કરવાથી મધ્યમ વર્ગને નુકશાન થશે. થોમસે વધારાનાં સિલિન્ડરો માટે કિંમતોમાં વધારાનાં સંબંધમાં સ્લેબ સિસ્ટમની રજુઆત કરી હતી. કેન્દ્રીય પ્રધાન હરીશ રાવતે કહ્યું છે કે જો સબસીડી વાળા સિલિન્ડરોની સંખ્યા છથી વધારી શકાય છે તો સબીસીડીનાં રેટ ઉપર વધુ સિલિન્ડરો ઉપલબ્ધ કરાવવાથી ફાયદો થશે. સરકારે ગયા સપ્તાહમાં જ ડિઝલની કિંમતમાં લિટરદિઠ રૂપિયા પાંચનો વધારો કર્યો હતો. સાથે સાથે ગેસ સિલિન્ડરની સંખ્યા મર્યાદીત કરી હતી. આ નિર્ણયથી ઓઈલ કંપનીઓને ૨૦૩૦૦ કરોડની વધારાની રકમ મળશે. વધતી જતી ઓઈલ સબસીડીનો સામનો કરી રહેલી સરકારે પ્રથમ વખત એલપીજી સિલિન્ડરોનાં પુરવઠા પર મર્યાદા અમલમાં મુકવામાં આવી હતી.

## હિમાચલમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થતાં તાપમાન ઘટ્યું

મનાલી, તા.૧૯

હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં સિઝનમાં પ્રથમ હિમવર્ષા થઈ જતાં ઊંચાણવાળા વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. લાહોલ સાથે કુલ્લુ ખીણને જોડનાર મનાલી નજીક રોહતાંગ પાસ ખાતે સિઝનનો પ્રથમ હિમવર્ષા થઈ છે. ઉપરાંત મનાલી-સ્પીતી હાઈવે ઉપર કુંજમ પાસ ઉપર પણ ભારે હિમવર્ષા થઈ છે. ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે મનાલી-લેહ રાજમાર્ગ ઉપર રાજ્ય માર્ગપરિવહન નિગમે સેવા બંધ કરી દીધી છે. કુન્નુરમાં કાલ્પા ખાતે લઘુત્તમ ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આવી જ રીતે મનાલીમાં ૧૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. કેલોંગમાં ૧૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ધર્મશાળામાં લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી અને શિમલામાં ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. શિમલામાં વરસાદ પણ પડ્યો છે. મનાલી-લેહ હાઈવને કલાકો સુધી બંધ રાખવામાં આવતા મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘણા પ્રવાસીઓ મનાલી-લેહ હાઈવે ઉપર અટવાઈ પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દક્ષિણ-પશ્ચિમ મોનસુન રાજ્યમાં સક્રિય રહ્યું છે જેથી ખૂબ જ ભારે વરસાદ પડ્યો છે. સાથે સાથે રાજ્યના ઘણા ભાગોમાં હિમવર્ષા પણ થઈ છે. શિમલા હવામાન વિભાગના ડિરેક્ટરે કહ્યું છે કે હવામાનમાં એકાએક ફેરફાર થતાં સ્થિતિ બદલાઈ છે. વેસ્ટન ડિસ્ટર્બનના લીધે પશ્ચિમી હિમાલયમાં તોફાની પવન ફુંકાઈ રહ્યો છે. આગામી પાંચ દિવસ દરમિયાન આ જ સ્થિતિ રહે તેવી શક્યતા છે.

# સાઇના નહેવાલે ૪૦ કરોડની નવી સમજૂતી કરી

### ૩ વર્ષના કોન્ટ્રાક્ટના ભાગરૂપે સ્ટાર બેડમિન્ટન ખેલાડીની બધી જવાબદારી સંભાળશે

નવી દિલ્હી, તા.૧૯

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. લંડન ઓલિમ્પિકસમાં કાસ્ય ચંદ્રક જીતનાર નહેવાલે હવે મહાકાય રિહીતી સ્પોર્ટ્સ મેનેજમેન્ટ સાથે એક મહાકાય સમજૂતી કરી છે. આ સમજૂતી ૪૦ કરોડની હોવાનું જાણવા મળ્યું છે. ત્રણ વર્ષના કોન્ટ્રાકટના ભાગરૂપે સાઈના નહેવાલ આ કંપની સાથે જોડાયેલી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે રકે ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સાથે જાહેરાત માટે આ કંપની ધરાવે છે. હવે આ



કંપની સાઈના નહેવાલની જાહેરાતો, બ્રાન્ડ એસોસીએશનો, કોર્પોરેટ પ્રોફાઈલ પેટન્ટ અને ડિઝીયલ રાઈડ, ફોટાઓ અને અન્ય તમામ કોમર્શિયલ રાઈટમાં મુખ્ય જવાબદારી સંભાળશે. સાઈના પહેલાંથી જ નવ બ્રાન્ડમાં ચમકેલી છે જેમાં યોનેક્સ, સ્પોર્ટ્ વેલ, ફોર્ચ્યુલ ઓઈલ, ઈન્ડિયન ઓવરસીસ બેંક, વિસ્પર, ઈમામી ફાસ્ટરિલીફનો સમાવેશ થાય છે. સાઈના નહેવાલે તાજેતરમાં જ બેડમિન્ટન કોર્ટમાં ઉલ્લેખનીય સફળતા મેળવી ચૂકી છે. છેલ્લા એક વર્ષમાં તેની બ્રાન્ડ વેલ્યુમાં ઉલ્લેખનીય વધારો થયો છે. નવી કંપની સાથે તેના જોડાણથી તેની સ્થિતિ વધુ મજબૂત બનશે. દરમિયાન આ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અરુણ પાંડેએ માહિતી આપતા કહ્યું છે કે સાઈના નહેવાલ સાથે જોડાઈને અમને ખુશી થઈ રહી છે. તાજેતરના સમયમાં સાઈના નહેવાલે વિશ્વની તમામ ટોચની બેડમિન્ટન ખેલાડીઓને પછડાટ આપી છે અને તેની કુશળતા સાબિત કરી છે. ભારતની સૌથી શક્તિશાળી બેડમિન્ટન તરીકે તે ઊભરી આવી છે. વિશ્વની પ્રતિષ્ઠિત સ્પર્ધાઓ પણ તે પોતાના નામ ઉપર કરી ચૂકી છે.

## ટીએમસીનાં નિર્ણયના સંદર્ભે ટિપ્પણી કરવા જયાની ના

ચૈન્નઈ,તા. ૧૯

તમિલનાડુનાં મુખ્યમંત્રી જયલલિતાએ મમતા બેનર્જી દ્વારા યુપીએ સરકારને ટેકો પાછો ખેંચી લાવાના મામલે કોઈપણ ટિપ્પણી કરવાનો આજે સાફ ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ હાલમાં આ રાજકીય ઘટનાક્રમ અંગે ટિપ્પણી કરવા માંગતા નથી. નવી દિલ્હી માટે રવાના થતાં પહેલા પત્રકારો સાથે વાતચીત કરતાં જયલલિતાએ કહ્યું હતુ કે કાવેરી નદી સત્તાની બેઠકમાં ભાગ લેવા તેઓ દિલ્હી જઈ રહ્યા છે. આ મિટિંગ ખુબ જ મહત્વપુર્ણ છે. ખુબ લાંબા સમય બાદ આ બેઠક યોજાઈ રહી છે. બેઠક ઉપર તેઓ સંપુર્ણ ધ્યાન આપવા માંગે છે. વડાપ્રધાન મનમોહનસિંહનાં નેતૃત્વમાં સીઆરએની બેઠક યોજાનાર છે. તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટને આપવામાં આવેલી ખાતરી બાદ આ મિટિંગ બોલાવવામાં આવી છે. જયલલિતાએ વારંવાર કેન્દ્ર સરકારને સીઆરએની બેઠક બોલાવવા કેન્દ્ર સરકારને અપિલ કરી હતી.

## પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું પરીક્ષણ થયું

### ઓરિસ્સાના દરિયાકાઠેથી સફળ પરીક્ષણ

બાલાસોર,તા. ૧૯

ભારતે તેની અતિ આધુનિક પરમાણુ સક્ષમ વ્યુહાત્મક મિસાઈલ અગ્નિ-૪નું આજે સફળ પરીક્ષણ કર્યું હતું. ઓરિસ્સાના દરિયાકાઠેથી લાંબા રેંજની આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ટોચના સંરક્ષણ નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. આ મિસાઈલની રેંજ ૪૦૦૦ કિલોમીટર સુધીની છે. સંરક્ષણ સુત્રોએ કહ્યું હતું કે આશરે ૧૧.૪૫ વાગે બાલાસોરથી ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત વ્હીલર આઈલેન્ડ ખાતે આઈટીઆરના લોંચ સંકુળથી મોબાઈલ લોંચરની મદદથી મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ડીઆરડીઓના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આ અતિઆધુનિક મિસાઈલમાં તમામ સાધનો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે.

દેશની અગ્રણી સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા દ્વારા ડેવલપમેન્ટલ ટ્રાયલની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ૧૫મી નવેમ્બર ૨૦૧૧ના દિવસે મિસાઈલનું છેલ્લી વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરી૭ણ સફળ રહ્યું હતું. અતિ આધુનિક કોમ્પ્યુટર અને ઉચ્ચ ગતિવાળા વિશ્વસનીય દુરસંચારના સાધનો આમાં ગોઠવવામાં આવ્યા છે. અગ્નિ-૪ અગ્નિ મિસાઈલ સિરિઝમાં ચોથી મિસાલિ છે. આ મિસાઈલ અગાઉ અગ્નિ-૨ પ્રાઈમ તરીકે પણ ઓળખાતી હતી. અગ્નિ-૪ અગ્નિ-૨ અને અગ્નિ-૩ વચ્ચેના અંતરને દુર કરે છે. અગ્નિ-૪ મિસાઈલ એક ટન વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. આ મિસાઈલની લંબાઈ ૨૦ મીટરની છે. અત્રે ઉલ્લેખનિય છે કે માત્ર ભારતે જ નહી બલ્કે પાકિસ્તાને પણ તાજેતરમાં મિસાઈલ પરિક્ષણોનો દોર જારી રાખ્યો છે. પાકિસ્તાને હાલમાં જ બાબર મિસાઈલનું પરિક્ષણ કર્યુ હતું જે ભારતનાં આંતરિક વિસ્તાર સુધી ત્રાટકવામાં સક્ષમ છે. આ ઉપરાંત પાકિસ્તાને આંતરિક રીતે શસ્ત્રાગારને મજબુત કરવાની કવાયત જારી રાખી છે.

## બિહારમાં કુલ ત્રણ હજાર ડેટોનેટર્સનો જથ્થો કબજે

પટણા,તા. ૧૯

બિહારનાં રોહતાસ જિલ્લામાં ગોપી બીઘા ગામમાં આજે ૩૦૦૦ ડેટોનેટર્સ અને ૯૦ ક્વિન્ટલ અમોનિયમ નાઈટ્રેટનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ સંબંધમાં સાત લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. બાતમીનાં આધારે પોલીસે ગામમાં દરોડો પાડ્યો હતો અને ગેરકાયદે માયનિંગનાં ઉપયોગ માટે લાવવામાં આવેલો જથ્થો જપ્ત કર્યો હતો. જપ્ત કરવામાં આવેલા જથ્થામાં ૩૦૦૦ ડેટોનેટર્સ અને ૯૦ ક્લિન્ટલ અમોનિયમ નાઈટ્રેટનો જથ્થો સામેલ છે. પોલીસ અધિકારીએ આ અંગે માહિતી આપતા કહ્યું છે કે કુદરતી સંસાધનોનાં દુરુપયોગનાં હેતુસર આ જથ્થો લવાયો હતો. પોલીસે આ સંબંધમાં ધરપકડ કરવામાં આવેલા સાત લોકોની ધરપકડ કર્યા બાદ આકરી પુછપરછ હાથ ધરી છે.

આ આરોપી અગાઉ પણ ગેરકાયદે માયનિંગમાં સામેલ રહ્યા છે. બિહાર સરકાર પહેલાથી જ ગેરકાયદે માયનિંગને લઈને વિવાદમાં રહી છે.

## મમતાનો નિર્ણય સાહસી અને યોગ્ય : શરદ યાદવ

નવી દિલ્હી,તા. ૧૯

જેડીયુનાં વડા અને એનડીએનાં કન્વિનર શરદ યાદવે આજે તૃણમુલ કોંગ્રેસનાં નેતા મમતા બેનર્જીનાં યુપીએ સરકારને ટેકો પાછો ખેંચી લેવાના નિર્ણયને સાહસી અને યોગ્ય તરીકે ગણાવીને આની પ્રશંસા કરી હતી. શરદ યાદવે કહ્યું હતું કે



મમતા બેનર્જી લોકોની સમસ્યાઓને ખુબ સારી રીતે સમજે છે. આજ કારણસર મમતાએ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લીધો છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા યાદવે કહ્યું હતું કે મમતા બેનર્જીનાં નિર્ણયને તેઓ આવકારે છે. ગયા વખતે પણ એનડીએનાં શાસન દરમિયાન તેઓએ એફડીઆઈનાં નિર્ણયનો વિરોધ કર્યો હતો. યુપીએનાં બીજા સૌથી મોટા ઘટકપક્ષ ગણાતાં તૃણમુલ કોંગ્રેસે ગઈકાલે મોડી રાત્રે મનમોહનસિંહ સરકારને ટેકો પાછો ખેંચી લીધો હતો. જેના પરિણામ સ્વરૂપે યુપીએ સરકારને મોટો ફટકો પડ્યો હતો. રીટેલમાં એફડીઆઈ, ભ્રષ્ટાચાર અને પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં કમરતોડ ભાવવધારા સામેનાં વિરોધમાં મમતા બેનર્જીએ આક્રમક વલણ અપનાવીને મનમોહનસિંહ સરકારને ટેકો પાછો ખેંચ્યો હતો. શરદ યાદવે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી પણ યોગ્ય નિર્ણય લઈ શકે છે. મમતાની જેમ જ મુલાયમસિંહ પણ લોકોની સમસ્યાઓ સાથે જોડાયેલા છે. એફડીઆઈનાં નિર્ણયની ટીકા કરીને યાદવે કહ્યું હતું કે આનાથી દેશમાં ૨૫ કરોડ લોકોની આજીવિકા પર માઠી અસર થશે.

## સમાચાર ઝલક

- કોંગ્રેસ શાસિત રાજયો સબસીડીવાળા ગેસ રીફીલ ૬ને બદલે ૯ આપશે, ૩ની સબસીડી રાજયો ભોગવશે.
- દેશભરમાં સાર્વજનિક ગણેશોત્સવનો દબદબાપૂર્વક પ્રારંભ.
- ગુજરાતના સ્પોર્ટસ એમ્બેસેડર બનવાં માટે ગગન નારંગે તૈયારી બતાવી.
- દેશભરમાં ટ્રકોનાં પૈડા થંભી જશે, ટ્રક ટ્રાન્સપોર્ટરો પણ ભારતબંધમાં જોડાશે.
- કઠોર પગલાં લેવા પડે, સરકાર માટે કોઇ ખતરો નથી : અંબિકા સોની.
- અફઘાનિસ્તાનનાં એરપોર્ટ રોડ પર આત્મઘાતી હુમલો થયો, ૧૨નાં મોત.
- રાજકોટમાં આંગડીયા પેઢીએ ત્રણ કરોડની છેતરપીંડી કરી.
- સાબરમતી જેલમાં બાબુ બજરંગી પર હુમલો.
- ભારતમાં સૌ પ્રથમ કેરળ રાજય દરેક ઘરે શૌલાચલની સગવડ ધરાવતું રાજય બન્યું.
- પાકિસ્તાનનાં કરાંચી શહેરમાં બોમ્બ વિસ્ફોટથી ૭ વ્યક્તિઓનાં મોત નીપજ્યાં.
- જૈનોના પર્યુષણ પર્વની ઉમંગભેર ઉજવણી.
- મારી સામે ખોટો પ્રચાર કરવામાં આવે છે : પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

જૂના રોગના રોગીઓ, ગર્ભિણી - સ્ત્રીઓ તેમજ નાના બાળકની માતાઓને પણ તાંદળજો ખાવો હિતકર છે. તાંદળજો પૂરતી માત્રામાં ખાવાથી આંખોની પીડા, આંખોની ગરમી, આંખોની બળતરા, ચીપડા વળવા આદિ દૂર થાય છે તથા આંખોનું તેજ વધે છે.

આધુનિક મત મુજબ તાંદળજામાં વિટામીન એ, બી તથા સી રહેલાં છે. તે લોહીને વધારે છે તેમજ શુધ્ધ કરે છે. આ ઉપરાંત તેમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, કેલ્શિયમ, ફોસ્ફરસ, તાંબુ, ગંધક આદિ તત્ત્વો રહેલાં છે. તાંદળજાને માત્ર પાણીમાં ઉકાળીને કે ઘીનો વઘાર કરીને લેવાથી ઉત્તમ ગુણો મળે છે. વધારે પડતાં તેલ મસાલા નાખવાથી તેના ગુણો ઘટે છે.

તાંદળજાના પાનમાં ફાઇબર્સ - રેસા હોવાથી તે આંતરડામાં ચોટી રહેલ મળને છૂટો કરે છે અને બહાર ધકેલવામાં મદદ કરે છે. બાળકોને પણ કબજીયાતમાં તાંદળજાનું બે ચમચી પાણી (કે તાંદળજાનો રસ) પાવો જોઇએ. આ ઉપરાંત હાથપગના તળીયામાં બળતરા થતી હોય તથા ઉનવા હોય તો પણ તાંદળજાની ભાજીનો રસ કે શાક ખાવાથી ફાયદો થાય છે.

તાંદળજા કે કાંટાવાળા તાંદળજાના મૂળને વાટી, તેની કલ્ક કરી (Paste બનાવી) તેમાં રસવંતી મેળવીને મધ તથા ચોખાનું ધવરામણ નાખીને પીવાથી સ્ત્રીઓના સર્વપ્રકારના પ્રદરમાં ફાયદો થાય છે.

કાંટાળા તાંદળજાના ક્ષાર પથરીમાં પણ હિતકર છે. પથરીમાં આ ક્ષારને તાંદળજાના રસ સાથે દિવસમાં ૩-૪ વખત લેવાથી ફાયદો થાય છે.

તાંદળજાના પાનની લુગદીને ઘા, ગૂમડા પર લગાવવાથી રાહત થાય છે.

આ ઉપરાંત વિવિધ પ્રકારના ઝેરને ઉતારવા માટે પણ તાંદળજો અસરકારક છે. તેનું શાસ્ત્રોમાં વર્ણિત છે. પરંતુ સામાન્યતઃ ઝેર ચડવાથઈ ઇમર્જન્સી હાલતમાં આવા પ્રયોગો કે અખતરાઓ હિતાવહ નથી દર્દીને તાત્કાલિક હોસ્પિટલ સારવાર જરૂરી બને છે.

આમ, આપણી આસપાસ સર્વત્ર, સહજ હીતે પ્રાપ્ત એવી તાંદળજો ખરેખર ગુણકારી છે, યોગ્ય માત્રામાં તેમજ વ્યક્તિની પ્રકૃતિ અનુસાર પ્રમાણ જાળવીને સેવન કરવાથી તેના ગુણોનો ચોક્કસ લાભ થઇ શકે.

- drkedarju@gmail.com

### અસમંજસ (પાના નં. ૪ નું ચાલુ)

ખાનગી અને ડે-કેર સ્કુલના કારણે ગામડાની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ ઘટવા માંડ્યું છે. સામે, ખાનગી શાળામાં લેવાતા શિક્ષકોનું શોષણ પણ ભરપૂર પ્રમાણમાં થાય છે. ઘણી પ્રાઈવેટ સ્કૂલોમાં શિક્ષકનો પગાર ૭૦૦ થી ૮૦૦ રૂપિયા પણ હોય છે. કેટલી મજબુરી અને શોષણ? એની સાપેક્ષમાં જ્યાં એક વિદ્યાર્થીની ફી પચાસ હજાર થી વધુ હોય છે. મતલબ કે ખાનગી શાળામાં સંચાલકો જાહેરાતના દમ પર ધૂમ પૈસા કમાય છે. બાકી, શાળાના અંદરની ભાગમાં તો માત્ર આંબલી પીપળીની રમતો જ રમાય છે. એની પાછળ માત્ર વાલીઓ જ જવાબદાર છે. સાથે સરકારે પણ ડેકેર સ્કૂલની મંજુરી આપતાં પહેલાં વિચારવું જોઈએ.

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી શિક્ષણ પ્રત્યે ગંભીર છે. માટે તેઓ સમયે- સમયે નિતનવીન પ્રયોગ કરતા રહે છે. 'ચિલ્ડ્રન' યુનિવર્સિટી પણ એક નવતર પ્રયોગ છે. મહાભારતના મહાન યોધ્ધા અને વીરપુત્ર અભિમન્યુએ માતાના ગર્ભમાં જ સાત કોઠાનું શિક્ષણ લીધું હતું. જે વાતની સાક્ષી શાસ્ત્રો પૂરે છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીનો હેતુ પણ ગર્ભવસ્થામાં માતાને શિક્ષણ આપવાનો છે. તેના અસર જન્મ લેનાર બાળક પર થવાની. શિક્ષણની દુનિયામાં સૌ પ્રથમ વાર આવો અનોખો પ્રયોગ કરવામાં આવેલ છે.

નોંધ : માહિતી-દિનેશભાઈ ચૌધરી